અસલ ફરિયાદીનું હુકમનામું
(ઓ.૨૦,ક. ૬-૭)
(ફોર્મ નં.૧ પરિશિષ્ટ, શેડ્યુલ-૧)

**અસલ હુકમનામું સમાધાનથી**

**મે. ઝઘડીયાના એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં , મુકામ- ઝઘડીયા.**

**આંક- ૧૪૫**

**રેમુ. નંબર :- ૨૬/૨૦૧૨**

| નં. | અરજદાર / વાદી | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧ | વિભાકર પ્રફુલચંદ્ર પંડયા (મરણ) | - | - | તમામ રહે:- ભાલોદ તા.જગડીયા, જી.ભરૂચ.. |
| ૨ | મનોજકુમાર પ્રફુલચંદ્ર પડયા. | - | - | |
| ૩ | શીલાબેન વિભાકર પડયાની પત્ની | ૬૩ | ઘરકામ | |
| ૪ | રાજેન્દ્ર વિભાકર પડયા. | ૪૬ | ખેતી | |
| ૫ | સુમિતાબેન વિમાકર પડયા. | ૪૦ | ઘરકામ | |
| ૬ | કમલેશ વિભાકર પડયા. | ૩૭ | ખેતી | |
| | **નોધ**-વાદી નં-૨ ને આંક-૭૯ વાદી ની પુરશીસ થી ડીલીટ કર્યા. | | | |
| | | | | વાદીના વિ.વ.શ્રી આર.ટી.શાહ |

<u>વિરૂદ્ધ</u>

| નં. | સામાવાળા / પ્રતિવાદી | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧ | સ્વ. હઠેસિંહ મચજીબાવાના વારસો, (૧) ચંપાબેન હઠેસિંહ રાજ મરણજતા તેમના વારસો :- | - | - | તમામ રહે:- રુંઢ-ભાલોદ, તા. ઝઘડીયા,જી. ભરૂચ. |
| | (૨).પ્રવિણસિંહ હઠેસિંહ રાજ | પુખ્ત | ખેતી | |
| | (૩). હરેન્દ્રસિંહ હઠેસિંહ રાજ | પુખ્ત | ખેતી | |
| | (૪). ઈલાબેન હઠેસિંહ રાજ | પુખ્ત | ખેતી | |
| | | | | પ્રતિવાદી ના વિ.વ.શ્રી આર.સી.પરમાર |

મુકદમો દાખલ કર્યાની તારીખ - ૨૮/૦૬/૨૦૧૨

મુકદમો ફાઈલ કર્યાની તારીખ - ૨૮/૦૬/૨૦૧૨

મુકદમો ફેસલ કર્યાની તારીખ -૨૪/૦૩/૨૦૨૬

દાવો રૂ. **૬૦૦/-** ના આંકથી જાહેરાત તથા જાથુનો મનાઈ હુકમ મેળવવા વિગેરે બાબતનો.

## દાવા ની ટૂંકી હકીકત :-

૧.... ડી.ભરૂચ સ.ડી.જગડીયા,તા.જગડીયાના ગામ માજે રૂંઢ ની સીમમાં અમો વાદીઓની માલીકી તથા કબજા ભોગવટાની નીચેની વિગતની અમો વાદીની માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ખતીણી જમીન આવેલી છે.

**શીડ્યુલ**

| ખાતા નંબર | બ્લોક નં. | હે.આરે.ચો.મી. | આકાર રૂા. |
|---|---|---|---|
| ૩૨૨. | ૨૭૯ | ૦–૮૬–૦૦ | ૮–૮૯.પૈ. |

સદર જમીનની સંયુકત ચર્તુદીશા નીચે મુજબ છે.
પૂર્વ : રેવાબેન ભયજીભાઈ નું ખેતર આવેલ છે.
પશ્ચિમ : પ્રતિવાદીઓની જમીન આવેલ છે.
ઉત્તર : સરકારી રસ્તો આવેલ છે.
દક્ષિણ : ઠાકોરભાઈ બેચરભાઈ નું ખેતર આવેલ છે.

૨.... સદરહુ ઉપર પેરા–૧ માં જણાવેલ ખેતીની જમીન મુળ એક તારાબેન તે ચુનીલાલ દલસુખરામની વિધવાની માલીકીની આવેલી હતી.તેઓએ તેમના વીલ યાને વસીયતનામાથી તેમની ૯દકરી કુસુમબેનનેઆ જમીન તથા અન્ય જમીન આપવા ઠરાવેલુ હતું. અને જો તે કુસુમબેનને હયાત ન હોય તેવા સંજોગોમાં આ જમીન આદાવા વાળી તથા અન્ય જમીનો અમો વાદી નં.૧,૨ ને માલીકી પ્રાપ્ય થાય તેમ ઠરાવેલું હતું. અને તે અંગેની નોંધ નં.૨૪૫૫ ની પાડવામાં આવેલી છે. અને તે મુજબના દાવાવાળી જમીન અમો વાદી નં.૧,૨ ને માલીકીહકકથી પ્રાપ્ત થયેલી છે. અને તે બાદ સદરહું જમીનમાં અમો વાદી નં.૧ ના કાયદેસરના વારસરો વાદી નં.૨ થી ૬ ના નામે સહ–ભાગીદાર તરીકે દાખલ કરવા તજવીજ કરતા તેની નો.ધ નં.૨૪૭૮ ની પાડવામાં આવેલી છે. અને તે રીતે અમો વાદીઓ તમામ આ દાવાવાળી જમીનના સંયુક્ત માલીક અને કબજેદાર બનેલા છીએ. અને સરહુ જમીનનો સ્થળપર પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો વાદીઓનો સંયુક્ત રીતે ચાલ આવેલો છે. પરંતુ સ્થળ પર મુખ્યત્વે ખેતીનું કામકાજ અમો વાદી નં.૬ ના સંભાળતા આવેલાછે. અને તેથી અમો વાદી નં.૧ થી ૫ નાઓ વાદી નં.૬ને અમારા કુલમુખત્યાર નીમી કાયદેસર વહીવટ કરવા સત્તા આપેલી છે. અને તે સંજોગોમાં આદાવાવાળી જમીન એ વાદીઓ વર્ષો વર્ષ ખેડી કરબીતેમાં વાવેતર કરી મહેનત મજુરી કરી તેનું તમામ પ્રકારે ઉત્પન્ન લેતા આવેલા છે. અને તેનું મહેસુલ વિગેરે અમો વાદીઓ ભરપાઇ કરતા આવેલા છે. અને સદરહું દાવાવાળી જમીન ઉપર અમો વાદીએ બેંક ઓફ બરોડા માંથી ધીરાણ પણ મેળવેલું છે.

૩.... આ કામના પ્રતિવાદીઓ રૂંઢ–ભાલોદ ગામના છે. અને એક જ કુટુંબના સભ્યો છે. અને અમૌ વાદીઓની દાવાવાળી જમીનની પશ્ચિમ તરફ પ્રતિવાદીઓની ખેતીની જમીન આવેલી છે. તે જોડાજોડ આવેલી છે. અને તેથી પ્રતિવાદીઓની બદ્ધાનત અમો વાદીઓની આ દાવાવાળી જમીન પર થયેલી છે. અને તેથી પ્રતિવાદીઓ અમો વાદીઓની આ દાવાવાળી જમીન પડાવી લેવા ઇરાદો કરી રહેલા છે. હકીકતમાં આ દાવાવાળી જમીનનો સ્થળપર પ્રત્યક્ષ કબજો ભોગવટો અમો વાદીઓનો ચાલી આવેલો છે. અને આ દાવાવાળી જમીન પ્રતિવાદીઓએ કે તેમના મરનાર વડીલોએ ક્યારેય પણ ખેડી નથી કે દાવાવાળી જમીનનો કબજો ભોગવટો પ્રતિવાદીઓ વિગેરે પાસે કયારેય પણ હતો નહી કે છે નહી કે દાવાવાળી જમીનમાં પ્રતવાદીઓનું કે તેમના મરનાર વડીલનું. કાંઈ હકક હિત હતું નહી કે છે નહી. તેમ છતા પ્રતિવાદીઓની દાવાવાળી જમીનની બાજુમાં જોડાજોડ જમીન આવેલી હોવાથી પ્રતિવાદીઓ દાદાગીરીથી અને બરજબરીથી

અમો વાદીની દાવાવાળી જમીન પડાવી લેવા મા.ગે છે. અને તેથી અઆ દાવાવાળી જમીન તેમને ખેડવા સોંપી દેવા અમો વાદીઓને ધમકી આપી રહેલા છે.

આ દાવાવાળી જમીન ચાલુ સાલે વાવેતર માટે તૈયાર કરવાની હોવાથી હાલમાં વરસાદે ખેંચાયેલો હોવાથી અમો વાદી નં.૬ ના કે દાવાવાળી જમીન પર આંટો મારવા માટે ગઇકાલ સાંજના સાડાચાર –પાંચેક વાગ્યાના સુમારે ગયેલા હતા. અને દાવાવાળી જમીનમાં ફરી સ્થળનીરીક્ષણ કરતતા હતા તેવા સમયે પ્રતવાદીઓ અમો વાદી નં.૬ પાસે આવેલા અને અમો વાદી નં.૬ ને ધમકીઆપી જણાવેલુ કે, ચાલુ સાલથી આ દાવાવાળી જમીન જમીન પ્રતિવાદીઓ કબજો કરી લેવાના છે. અને ખેડી લેવાના છે. અને તેથી અમો વાદીઓએ આ દાવાવાળી જમીન ખેડવા આવવુ નહી. કે વાવેતર કરવું નહી અઅને જો આ જમીન ખેડવા આવશે તો મારી નાંખીશું અને દાવાવાળી જમીનનો કબજો પ્રતિવાદીઓ કરી લેશે .તેમ જણાવેલું જેથી અમો વાદી નં.૬ ગભારાઈ ગયેલા. અને ત્યાંથી ચાલ્યા આવેલા. તે સંજોગોમાં પ્રતિવાદીઓ ઝનુની કોમના અને તોફાની ઈસમો છે. અને અમો વાદીઓ ખુબ જ શાંતિપ્રિય ઈસમો છીએ. અને કાયદાને માન આપનારા છીએ. અને પ્રતિવાદીઓ બોલેલુપાળે તેવા ઝનુની કોમના ઈસમો છે. અને તેથી દાદાગીરીથી અઅને બરજબરીથી અમો વાદીઓની દાવાવાળી જમીનનો કબજો પડાવી લે તેમ છે. અને તેમાં થાય તો અમો વાદીઓને બદલો ન મળે તેવું ગંભીર પ્રકારનું નુકશાન થાય તેમ છે. અને અમો વાદીઓના કુટુંબના ભરણ પોષણનો આધાર આ જમીનની ખેતીની આવક પર જ હોઈ તે ઝુટવાય તેમ છે. અને તેથી અમો વાદીઓને ભુખે મરવાનો સમય આવે તેમ છે. જેથી આ દાવાવાળી જમીનમાં પ્રતિવાદીઓનું કાયદેસર રીતે કે અન્ય કોઇ પણ રીતે કાંઈ હકક હિત નથી અને અમો વાદીઓ દાવાવાળી જમીનના કાયદેસરના માલીક છીએ તેવી જાહેરાત મેલવવા તથા આ દાવાવાળી જમીનમાં પ્રત્યક્ષ કબજા ભોગવટામાં પ્રતવાદીઓ હસ્તે પરહસ્તે હરકત હેલો, અટકાયત કે દખલ કરે કરાવે મહી કે દાવાવાળી જમીનનો કબજો લે–લેવડાવે નહી કે દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે કબજા પ્રવેશ કરે કરાવે નહી કે અમો વાદીઓનેકે અમારા માણસોને દાવાવાળી જમીનમાં ખેતીનું કામ કાજ કરતા અટકાયત કરે કરરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ મેલવવા આ દાવો આપવાની ફરજ પડેલી છે.

**દાવાનું કારણ,**

સૌ પ્રથમ ગર તા સાંજના સુમારે પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનનો કબજો કરી લેવા વિગેરે મતલબની ધમકી આપી ત્યારથી આપ ના.કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થતુ આવેલ છે

**વાદીની દાદ એવી છે કે,**

૧). ઉપર પેરા–૧ વાળી ખેતીની જમીનમાં પ્રતિવાદીઓનું કાયદેસર રીતે કે અન્ય કોઈ પણ રીતે કાંઈ હકક હિત નથી કે હતુ ની અને આ દાવાવાળી જમીનના અમો વાદીઓ કાયદેસર માલીક છીએ. તેવી જાહેરાત આપવા મહે.કરશોજી.

(૨) ઉપર પેરા–૧ માં જણાવેલ વિગત વાળી ખેતીની જમીન અમો વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં પ્રતિવાદીઓ હસ્તે પર હસ્તે હતકક્ત,હેલો અટકાયત કે દખલ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનનો કબજો લે–લેવડાવે નહી કે દાવાવાળી જહ્મવનમાં ગેરકાયદેસર રીતે કબજા પ્રવેશ કરે કરાવે નહી

તેમજ અમો વાદીઓને કે અમારા માણસોને આ દાવાવાળી જમીનમાં ખેતીનું કામકાજ કરતા અટકાયત કરે કરાવે નહી. તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ આપો.

(૩). આદાવાનો તમામ ખર્ચ આપો.

(૪) આપ ના. કોર્ટને યોગ્ય લાગે તેવી ન્યાયની બીજી દાદ આપો.

## :: સમાધાન કરાર ::

**સદર કામના વાદી તથા પ્રતિવાદી આંક–૧૪ ની સમાધાન પુરસીસથી નામ. કોર્ટમાં જાહેર કરે છે કે,**

સદર કામના અમો વાદીઓ તથા પ્રતિવાદીઓ એક બીજાની રાજી ખુશીથી આ સમાધાન રજુ કરીએ છીએ કે,

(૧). અમો વાદીઓએ આપ નામ.કોર્ટમાં પ્રતિવાદીઓ સામે ૬૦૦/– ના આંકથી જાહેરાત તથા જાથુંનો મનાઈ હુકમ મેળવવા બાબતનો દાવો ડી.ભરૂચ સબ–ડી ઝગડિયા ના મોજે ગામ રૂંઢ, તા.ઝગડિયા મુકામે નીચે વિગતની ખેતીની મિલ્કત સબંધી કરેલ હતો.

| ગામનું નામ | ખાતાનં. | સં. ન | હે. આરે | આકાર રુ. |
|---|---|---|---|---|
| રૂંઢ | ૩૨૨ | ૨૭૯ | ૦–૮૬–૦૦ | ૮–૮૯ |

**:: જેની ચતુર્દીશા નીચે મુજબ છે. ::**

પૂર્વ : રેવાબેન ભયજીભાઈ નું ખેતર આવેલ છે.

પશ્ચિમ : પ્રતિવાદીઓની જમીન આવેલ છે.

ઉત્તર : સરકારી રસ્તો આવેલ છે.

દક્ષિણ : ઠાકોરભાઈ બેચરભાઈ નું ખેતર આવેલ છે.

(૨). ઉપર મુજબની મિલ્કત સબંધી અમો પક્ષકારો વચ્ચે નીચેની શરતોને_ આધીન સમાધાન કરેલ છે.

(૩).**શરતો :–**

૧. ઉપર પેરા–૧ વાળી ખેતીની જમીન ની ઉચ્ચક કિંમત રૂપિયા ૧૪,૧૧,૦૦૦/– પુરા નક્કી કરેલ છે તે પેટે પ્રતિવાદી નં.૧નાએ રૂપિયા ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરા નો ચેક નં. 309069 બેંક ભરુચ ડી.કો .ઓ ભાલોદ શાખાનો તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રોજનો અમો વાદી નં.૪ ના નામનો આપેલ છે.

૨. બાકી રહેતી રકમ રૂપિયા ૯,૧૧,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ અગિયાર હજાર પુરા આજ તારીખ થી છ માસ ની મુદતમાં પ્રતી. નં –૧ એ વસુલ આપી સદર મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજ અમો વાદીઓએ તમો પ્રતીવાદી નં –૧ ને અથવા તમો કહો તેને કરી આપવાનો છે.તેવી સ્પષ્ટ સમજુતીથી આ સમાધાન અમોએ કરેલ છે.

૩. બાકી રહેતી રકમ રૂપિયા ૯,૧૧,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ અગિયાર હજાર પુરા આજ તારીખ થી છ માસ ની મુધ્દતમાં ન આપે તો અમો વાદીઓએ તમો પ્રતિવાદીઓ પાસે થી સ્વીકારેલ રૂપિયા ૫,૦૦,૦૦૦/– તમો પ્રતીવાદીને પરત આપવાના રહેશે અને તમો પ્રતિવાદીઓ પાસે દાવા વાળી મીલ્કત

નો કબજો અમો વાદીઓને સદર રકમ સ્વીકારી પરત આપવાનો રહેશે,તેવીજ રીતે છ માસની મુદ્દત માં પ્રતિવાદી નં -૧ એ રૂપિયા ૯,૧૧,૦૦૦/- અંકે રૂપિયા નવ લાખ અગિયાર હજાર પુરા અમો વાદીઓને આપેથી તે જ દીવસે સદર મિલકતનો રજી.વેચાણ દસ્તાવેજ કરી આપવાનો રહેશે તેવી સ્પષ્ટ સમજુતીથી હાલનું આ સમાધાન કરેલ છે.

૪. સદર મિલ્કતમાં બોજો નોધાયેલ છે. એ બોજો ભરપાઈ કરવાની જવાબદારી અમો વાદીની છે.જે ૫,૦૦,૦૦૦/- રૂપિયા પ્રતીવાદીએ અમો વાળીને આપેલ છે.એમાંથી બોજો ભરપાઈ કરવાનો છે. અને રેવન્યુ દફતરે સદર મિલ્કત ટાયટલ ક્લીયર થયે થી છ માસની મુદ્દતમાં વેચાણ દસ્તાવેજ બાકીની રકમ લઇ વાદીએ પ્રતીવાદીને-૧ ને અથવા તેઓ કહે તેના નામનો કરી આપવાનો છે.

૫. દાવા વાળી મિલ્કત ઉપર તા.૧૬-૦૬-૧૯૯૪ ના કરાર ના આધારે સ્થળ ઉપર પ્રતીવાદીઓનો કબજો ભોગવટો ચાલી આવેલો છે તે હાલ આ સમાધાન રૂએ કાયમ રાખવાનો છે. પરંતુ જો છ માસ માં બાકી પડતી રકમ પ્રતિવાદીઓ અમો વાદી ને ચુકવવામાં કસુર કરે તો સદર સમાધાન રૂએ સદર લકતનો કબજો છ માસ બાદ અમો વાદીઓ પરત મેળવવા હક્કદાર રહીશું.

૬. અમો વાદીઓ તથા પ્રતિવાદીઓએ સદર સમાધાનનું ચુસ્ત પણે પાલન કરવાનું છે. તેવી સ્પષ્ટ શરતને આધીન હાલનું આ સમાધાન કરેલ છે. તેમજ સદર સમાધાનમાં જે સમય મર્યાદા નક્કી કરેલ છે તે સમય મર્યાદામાં ઉપર જણાવેલ તમામ શરતોનું પાલન બને પક્ષકારોએ કરવાનું છે. જેમાંથી કોઈપણ પક્ષકારોએ ફરવાનું નથી. જો કોઈ પક્ષકાર સદર સમાધાનની વિરુદ્ધ નું વર્તન કરશે તો સદર સમાધાન ના આધારે તેનો અમલ કરાવવા કોર્ટ રહે કાર્યવાહી કરી શકશે. અને તેવી કાર્યવાહી અંગે સદર સમાધાન રૂએ કોર્ટના હુકમ તથા હુકમનામા મુજબ અમલવારી કરાવવા હક્કદાર રહેશે.

(૪). ઉપર મુજબનું સમાધાન મંજુર કરી સદર કામ નીકાલે કરવા મહે. કરશોજી તથા હુકમનામું દોરવા મહેરબાની કરશોજી.

કોર્ટ ફી રીફંડ સ્ટેમ્પ અમો વાદીના એડવોકેટના નામનો આપવા મહે.કરશોજી.

સદરહુ દાવામાં વાદીએ કોર્ટ ફી સ્ટેમ્પ રૂપીયા ૨૦૦/- ભરેલ છે.

************

**રેમુ. નંબર :– ૨૬/૨૦૧૨**

સદર અરજી આજ તારીખ ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ મહેરબાન એડીશનલ સીવીલ જજ સાહેબશ્રી, ઝઘડીયા રૂબરૂ અરજદાર તથા તેમના વિ. વ. શ્રી આર.ટી.શાહ તથા પ્રતિવાદી અને તેમના વિ.વ.શ્રી આર.સી.પરમાર ની હાજરીમાં પક્ષકારો દ્વારા આંક-૧૪૪ ની સમાધાન પુરસીસ આપ્યેથી આખરી નિકાલ માટે નિકળવાથી, આંક-૧ નીચે હુકમ કરી એવુ ફરમાવવામાં આવે છે કે,

:: **ORDER** ::

**The compromise decree is to be issued accordingly with the below mentioned condition.**

**1 Compromise decree must not hamper or prejudice the rights of any of the third party.**

**2 If this compromise decree will affect any third party, it will stand null and void and the parties will not be able to take any legal recourse through this compromise decree.**

**Signed and Pronounced in this open court on this**
**24th day of March, 2026.**

*************

## રેમુ.નંબર :– ૨૬/૨૦૧૨

| | | | |
|---|---|---|---|
| વાદીએ અરજી ઉપર ચોઢવાપાત્ર થતો કોર્ટ ફી સ્ટેમ્પ | રૂ. | ૨૦૦/– | |
| વાદીએ અરજી ઉપર ચોઢલ કોર્ટ ફી સ્ટેમ્પ | રૂ. | ૨૦૦/– | |
| વાદી પાસેથી વસુલ લેવાનો કોર્ટ ફી સ્ટેમ્પ | રૂ. | – | |
| પ્રોસેસ ફી | રૂ. | – | |
| **કુલ** | **રૂ.** | **૨૦૦–** | **રીફંડ આપવા પાત્ર રકમ** |

## ખર્ચનો આંકડો

| નં. | અરજદાર / વાદીને થયેલ ખર્ચની વિગત | રૂપીયા | પૈસા | નં. | સામાવાળા / પ્રતિવાદીને થયેલા ખર્ચની વિગત | પ્રતિવાદીઓ તર્ફે રૂ. | પૈસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફરીયાદ અરજીનો સ્ટેમ્પ | ૨૦૦ | - | ૧ | સામા દાવા અથવા ઉલટ દાવાના સ્ટેમ્પ | - | - |
| ૨ | મુખત્યારનો સ્ટેમ્પ | ૨ - | ૦૦ | ૨ | મુખત્યારનો સ્ટેમ્પ | ૨ - | - |
| ૩ | રજુ કરેલા કાગળોનો સ્ટેમ્પ કુલ કાગળ આપ્યા પ્રમાણે | - | - | ૩ | રજુ કરેલા કાગળોનો સ્ટેમ્પ કુલ કાગળ આપ્યા પ્રમાણે | - | - |
| ૪ | સાક્ષીઓની ખોરાકી | - | - | ૪ | સાક્ષીઓની ખોરાકી | - | - |
| ૫ | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામાદાવા ઉપર પ્લીડરની ફી | ૧૦૦ - | - | ૫ | ફરીયાદમાંના દાવા ઉપર પ્લીડરની ફી સામાદાવા ઉપર પ્લીડરની ફી | ૧૦૦ - | - |
| ૬ | પ્રોસેસ બજવણી | - | - | ૬ | પ્રોસેસ બજવણી | - | - |
| ૭ | કમીશનની ફી | - | - | ૭ | કમીશનની ફી | - | - |
| ૮ | તરજુમાની ફી | - | - | ૮ | તરજુમાની ફી | - | - |
| ૯ | નકલની ફી | - | - | ૯ | નકલની ફી | - | - |
| ૧૦ | મુલ્તવી રાખાવા બદલ આપેલ | - | - | ૧૦ | મુલ્તવી રાખાવા બદલ આપેલ | - | - |
| ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટેમ્પ | - | - | ૧૧ | વારસોને દાખલ કરવા બાબતની અરજી ઉપરનો સ્ટેમ્પ | - | - |
| | **કુલ** | **૩૦૨ -** | **૦૦** | | **કુલ** | **૧૦૨ -** | **-** |
| | **નહી આપેલ ખર્ચ** | | | | | | |
| | ફરીયાદ અરજી ઉપર | - | - | | સામા દાવા ઉપર | - | - |
| | પ્લીડરની ફી | - | - | | પ્લીડરની ફી | - | - |
| | પ્રોસેસ ઉપર | - | - | | પ્રોસેસ ઉપર | - | - |
| | રજુ કરેલા કાગળો ઉપર | - | - | | રજુ કરેલા કાગળો ઉપર | - | - |
| | **બાકી** | **૩૦૨** | **૦૦** | | **બાકી** | **૧૦૨ -** | **-** |

આજ તારીખ **૨૪** માહે **માર્ચ** સને **૨૦૨૬** નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હુકમનામુ દોરનાર મુકાબલ કરનાર

આસીસ્ટન્ટ સુપ્રીટેન્ડેન્ટ (જે.એસ.રાઠોડ)

એડીશનલ સીવિલ જજ, ઝઘડીયા

વાદીના વિ.વ.શ્રી આર.ટી.શાહ

પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી આર.સી.પરમાર

(આ મુકદમાના પક્ષકારોને એવી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ રજુ કરેલા દસ્તાવેજો માહેથી અપીલના નીકાલ થયા પછી કોઇ પણ દસ્તાવેજ લઇ જવામાં નહી આવે તો તે (દસ્તાવેજ) નાશ કરવાને પાત્ર થશે.)